વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી
આણંદ કૃષિ યુનિવર્સિટી
આણંદ-૩૮૮ ૧૧૦

પરિપત્ર

આણંદ કૃષિ યુનિવર્સિટીના સર્વે યુનિટ/સબ યુનિટ અધિકારીઓ તેમજ વિભાગીય વડાઓને જણાવવાનું કે (૧) દૂરદર્શન કેન્દ્ર અમદાવાદ (૨) આકાશવાણી કેન્દ્ર વડોદરા, (૩) જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના કમ્યુનીટી રેડિયો સ્ટેશન તેમજ (૪) "BISAG" સ્ટુડિયો ગાંધીનગર દ્વારા ખેડૂતો માટે ટી.વી તેમજ રેડિયોના માધ્યમથી ત્રિમાસિક સમયગાળા માટે વિવિધ કૃષિ વિષયક કાર્યક્રમોનું પ્રસારણ કરવામાં આવે છે. આ કૃષિ કાર્યક્રમો માટે આપના કેન્દ્ર/ વિભાગમાંથી રેડિયો અને ટીવી ટોક આપવા ઈચ્છતા દરેક વિષયના સંબધિત વૈજ્ઞાનિકોના નામ અને વિષય નીચે મુજબના ફોર્મેટમાં (શ્રુતિ ફોન્ટમાં) ત્રિમાસિક સમયગાળા માટે આપના કેન્દ્ર/ વિભાગ કક્ષાએથી સંકલિત કરી અત્રેની કચેરીને હાર્ડ અને સોફ્ટ કોપી (MS Word)માં મોકલી આપવા વિનંતી.

વધુમાં, રેડિયો/ટીવી ટોક માટે નવીન વિષયો જેવા કે ખેતીમાં થયેલ નવીન સંશોધનો અને નવીન ટેકનોલોજી, ખેડૂતો દ્વારા તેમની આગવી કોઠાસૂઝથી કરેલ ખેતીકાર્યો, ખેતીમાં આધુનિક અભિગમો, ઓર્ગેનિક ફાર્મિંગ, એગ્રીકલ્ચરલ માર્કેટિંગ અને કૃષિની નવી નીતિઓ, ગ્રીન હાઉસ, નેટ હાઉસ, પ્રોસેસિંગ અને યોજનાકીય માહિતીઓ તેમજ પાક પરિસ્થિતિને અનુરૂપ નવા વિષયો મોકલવા. દરેક વક્તાએ ખાસ ધ્યાન રાખવું કે જે તે પાકો અને સલંગ્ન કૃષિકાર્યો ઋતુ અને હવામાનને અનુરૂપ હોય તે મુજબનાં સમયગાળાને ધ્યાનમાં રાખી વિષયના નામ મોકલવા જે અત્રેની કચેરીએથી પસંદગી કરી ઘટતી કાર્યવાહી કરવામાં આવશે. યુનિવર્સિટી માટેના ICAR રેન્કિંગ માટે રેડિયો/ટીવી ટોકના પોઈન્ટ હોય છે જેથી જે વૈજ્ઞાનિકોના રેડિયો/ટીવી ટોક પ્રસારિત થાય તે વૈજ્ઞાનિકોએ તેમણે મળેલ ઇન્વીટેશન લેટરની PDF ફાઈલમાં અત્રેની કચેરીને ઈમેલથી મોકલવાની રહેશે.

વિસ્તરણ શિક્ષણ નિયામક

જા.નં. આકૃયુ/વિશિનિ/દુરદર્શન/6252 /૨૦૨૨

તા. ૨૮/૧૧/૨૦૨૨

(PTO)

પત્રક

કચેરી/ વિભાગનું નામ :

અ. નં.	વિષય	વક્તાનું નામ અને હોદ્દો	કચેરીનું નામ, વક્તાનો ઈમેલ અને મોબાઈલ નંબર	ત્રિમાસિક સમયગાળા (૧) જાન્યુઆરી ૨૦૨૩ થી માર્ચ ૨૦૨૩ (૨) એપ્રિલ ૨૦૨૩ થી જૂન ૨૦૨૩ (૩) જુલાઈ ૨૦૨૩ થી સપ્ટેમ્બર ૨૦૨૩ (૪) ઓક્ટોબર ૨૦૨૩ થી ડિસેમ્બર ૨૦૨૩